# સી.આર.પી.સી., ૧૯૭૩ ની કલમ–૧૪૪ અન્વયેનું જાહેરનામું

ક્રમાંકઃ એમએજી/પીઓએલ/એસ.આર.નં.૧૧/૨૦૧૫

જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
અમદાવાદ, તા.૨૩/૨/૨૦૧૫

DISTRICT MAGISTRATE AHMEDABAD

હાલમાં અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1 SWINE FLU) નો રોગચાળો ફેલાઈ રહેલ હોવાનું જણાયેલ છે.જેના લક્ષણોમાં ખાસ કરીને ઠંડી લાગવી, તાવ આવવો, કફ, ઉલ્ટી થવી, ગળામાં ખરેરાટી પડવી, શરીરમાં દુખાવો થવો, માથામાં ગંભીર દુખાવો થવો, ઉધરસ આવવી અને નબળાઈ અનુભવવી વિગેરે છે. આ રોગચાળાના વિષાણુઓ ખાસ કરીને લોકોના સમુહ એકત્રિત થતો હોય તેવા સ્થળે મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. તથા શ્વાસનળી દ્વારા ફેફસામાં જઈ ફેફસાંને અસરકર્તા બને છે. આ રોગચાળો ચેપી પ્રકારનો હોઈ, એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ઝડપથી ફેલાઈ શકે છે. આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું રાજકુમાર બેનીવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ની રૂએ ફરમાવું છુ કે,

(૧) સમગ્ર અમદાવાદ જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સતાધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સેંરઘસ,સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

- આવા પ્રસંગોએનીચે મુજબની વ્યવસ્થા પરવાનગી મેળવનારે ફરજિયાત કરવાની રહેશે.
- તેઓએ વિનામુલ્યે માસ્ક આપવાના રહેશે.
- તેમજ તેના નિકાલની વ્યવસ્થા જેવી સગવડો કરવાની રહેશે.
- સાબુ વગેરેથી હાથ ધોવાની સુવિધા તથા સ્વાઈન ફલુની જાણકારી માટે બોર્ડ વગેરે મુકવાના રહેશે.

(૨) ખાણીપીણીના સ્થળો, હોટલ, રેસ્ટોરન્ટ, મીઠાઈ, ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

(૩) શાકભાજી/ ફળફળાદીના ધંધાર્થીઓએ શાકભાજી કે ફળફળાદી કાપીને ખુલ્લા રાખવા તેવી વસ્તુઓના ટુકડા કરી વેચાણ ન કરવુ.

(૪) ખાનગી સ્થળોએ જેવા કે લગ્ન હોલ, પાર્ટીપ્લોટમાં યોજાતા સમુહ ભોજન સમારંભના સ્થળે ભાગ લેનારલોકો ભોજન પહેલા હાથની યોગ્ય સફાઈ કરી શકે તે માટે સાબુ અને પાણી સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) કોઈપણ વ્યકિતને સ્વાઈન ફલુ ઈન્ફલુએન્ઝા (H1N1 SWINE FLU) ની બિમારી થયાનું જણાય તો તેવા દર્દીના કુટુંબીજનો અથવા તેમની દેખરેખ રાખતા વ્યકિતએ દર્દીની સંપૂર્ણ વિગત નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ કે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને કરવી.

વિસ્તાર

અપવાદ

એ. ઉપર્યુક્ત ભાગ–૧ માટે સક્ષમ સત્તાધિકારીની પરવાનગી મંજૂરી મેળવેલ હોય.

બી. સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઈપણ કાર્યક્રમો.

સી. લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા કે સરકારશ્રી દ્વારા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આયોજિત

કાર્યક્રમોને આ હુકમની જોગવાઈઓ લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ભાગનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું આજ તા.૨૩/૦૨/૨૦૧૫ થી તા.૨૨/૦૪/૨૦૧૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ–૨૩/૦૨/૨૦૧૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

DISTRICT MAGISTRATE AHMEDABAD

(રાજકુમાર બેનીવાલ)
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ

પ્રતિ,

– પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, શાહીબાગ, અમદાવાદ

– પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય, [illegible], અમદાવાદ

– જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમદાવાદ

– મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત , અમદાવાદ

– ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, અમદાવાદ

– સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ................... (તમામ)

– મામલતદારશ્રી ............................(તમામ)

– નાયબ માહિતી નિયામકશ્રી, પોલીટેકનીક કોલેજ કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ તરફ

સ્થાનિક ટીવી ચેનલ દ્વારા પ્રસિધ્ધી તથા દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરવા સારુ.

– મેનેજરશ્રી, સરકારી પ્રેસ અને સ્ટેશનરી ડિપાર્ટમેન્ટ, અમદાવાદ તરફ.

હવે પછીના ગેઝેટમાં પ્રસિધ્ધી કરવા વિનંતી સહ.

– કમિશનરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ ની કચેરી, ગાંધીનગર